**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વતી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ**
**કોર્પોરેશન લિમીટેડ**
**દ્વારા આયોજીત ફ્લાવર શૉ - ૨૦૨૫**
**બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, એચ.કે. આટર્સ કોલેજની પાછળ,**
**ગાંધી અને નેહરૂ બ્રીજની વચ્ચે, પુજ્ય પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ**
**રીવરફ્રન્ટ- વેસ્ટ, અમદાવાદ-૩૮૦૦૦૯.**
સંપર્ક નંબર :- ૦૭૯-૨૬૫૮૦૪૩૦ ઈ-મેઈલ એડ્રેસ : **office@srfdcl.com**

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વતી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમીટેડ દ્વારા આયોજીત ફ્લાવર શૉ - ૨૦૨૫

| | |
|---|---|
| **કાર્યક્રમનું સ્થળ** | સાબરમતી રીવર ફ્રન્ટ, ફ્લાવર ગાર્ડન અને ઈવેન્ટ ગ્રાઉન્ડ વિસ્તાર, ટાગોર હોલ પાછળ, પાલડી. |
| **કાર્યક્રમનાં દિવસો** | જાન્યુઆરી-૨૦૨૫ |

## નર્સરી સ્ટોલ્સ / અન્ય સ્ટોલ્સ / ફુડ સ્ટોલ્સ ભાડે રાખવા માટેનું અરજી પત્રક

૧. સંસ્થાનું નામ :

૨. સંસ્થાનું સરનામું :

૩. સંસ્થાનો કોન્ટેક્ટ નંબર : લેન્ડલાઈન : મોબાઈલ :

ઈ-મેઈલ :

૫. ફુડ સ્ટોલ્સ મેળવવા માંગતી એજન્સી હોય તો ફુડ
FSSAI લાયસન્સ નંબર (નકલ ફરજીયાત બિડવી) :

૪. સંસ્થાનું વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર :

૫. સંસ્થાનું ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન નંબર :

૬. સંસ્થાનો પાન નંબર :

૭. જી.એસ.ટી. નંબર (નકલ ફરજીયાત બિડવી) :

૮. સંસ્થા દ્વારા માંગણી કરવામાં આવેલ સ્ટોલની પ્રકાર અને સંખ્યા :

૯. સ્ટોલ્સમાં પ્રદર્શીત/ વેચાણ કરવામાં આવનાર વસ્તુની ટૂંકી વિગત :

૧૦. સંસ્થા દ્વારા ચુકવવાની ભાડાની રકમ (જી.એસ.ટી. સાથે) :

૧૧. ભાડા ચુકવણીની વિગત : ડીમાન્ડ ડ્રાફટ/ પે-ઓર્ડરથી

| | |
|---|---|
| તારીખ : | અરજદારની સહી |
| સ્થળ : | સંસ્થાનું નામ તથા સિકકો |

## -: નિયમો : -

૧૨. ફલાવર શૉ સ્થળે નીચે જણાવ્યા મુજબનાં સ્ટોલ્સ ભાડેથી આપવામાં આવનાર છે.

| વિગત | સાઇઝ | સંખ્યા | વસુલવામાં આવનાર ભાડુ (પ્રતિ નર્સરી/સ્ટોલ્સ) | હરાજીની બેઝીક પ્રાઇઝ રૂા. (પ્રતિ નર્સરી/સ્ટોલ્સ) | હરાજીનો સમય |
|---|---|---|---|---|---|
| નર્સરી | ૧૩ મીટર x ૧૨ મીટર | ૭ | જાહેર હરાજીથી | ૫,૦૦,૦૦૦=૦૦ | તા.૨૫-૧૧-૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ સુધી |
| અન્ય સ્ટોલ્સ | ૫ મીટર x ૫ મીટર | ૬ | જાહેર હરાજીથી | ૨,૦૦,૦૦૦=૦૦ | તા.૨૫-૧૧-૨૦૨૪ બપોરે ૧૨.૦૦ થી ૦૧.૦૦ સુધી |
| ફુડ સ્ટોલ્સ | ૫ મીટર x ૬ મીટર | ૧૫ | જાહેર હરાજીથી | ૫,૦૦,૦૦૦=૦૦ | તા.૨૫-૧૧-૨૦૨૪ બપોરે ૦૧.૦૦ થી ૦૨.૦૦ સુધી |

૧૩. જાહેર હરાજી ના ફોર્મ **તાઃ- ૧૪-૧૧-૨૦૨૪** થી સાબરમતી રીવરફ્રન્ટની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરવાના રહેશે.

૧૪. સંપુર્ણ વિગતો ભરેલ અરજી ફોર્મ બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, એચ.કે. આટર્સ કોલેજની પાછળ, ગાંધી અને નેહરૂ બ્રીજની વચ્ચે, પુજ્ય પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ રીવરફ્રન્ટ- વેસ્ટ, અમદાવાદ-૩૮૦૦૦૯ કચેરીએ **તાઃ- ૨૨-૧૧-૨૦૨૪** ના રોજ **સાંજે ૦૪:૦૦** કલાક સુધી સ્વીકારવામાં આવશે.

૧૫. જાહેર હરાજી ની તારીખ અને સમય ઉપર મુદ્દા નંબર-૧૨ પર જણાવ્યા મુજબ રહેશે.

૧૬. જાહેર હરાજી દ્વારા બુકીંગ થઇ ગયા બાદ આવેલ અરજદારની અરજી સ્વીકારવામાં આવશે નહી.

૧૭. નિયત ભાડાની રકમ ડીમાન્ડ ડ્રાફટ/ પે-ઓર્ડરથી જ જમા કરાવવાની રહેશે. ડી.ડી. અથવા પૅ ઓર્ડર “મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ”નાં નામનો બનાવવાનો રહેશે.

૧૮. હરાજીમાં નક્કી થયા મુજબની રકમ પણ ડીમાન્ડ ડ્રાફટ/ પે-ઓર્ડરથી જ “મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ”નાં નામનો બનાવીને **તાઃ- ૦૨-૧૨-૨૦૨૪** પહેલા જમા કરાવાનો રહેશે.

૧૯. જે તે સ્ટોલ્સ પેટે ઉપર પત્રકમાં દર્શાવેલ મિનીમમ ભાડાની રકમનો ડી.ડી. /પૅ-ઓર્ડર હરાજી સમયે સાથે લાવવાનો રહેશે. તે સિવાય હરાજીમાં ભાગ લઇ શકશે નહી.

૨૦. નર્સરી, અન્ય સ્ટોલ્સ તથા ફુડ સ્ટોલ્સનાં હરાજીની કુલ રકમ ઉપરાંત લાગૂ પડતા જી.એસ.ટી. સાથેની રકમ અ.મ્યુ.કો. માં જમા કરાવવાની રહેશે.

૨૧. જે ચીજ-વસ્તુનાં વેચાણ માટે સ્ટોલ્સનું બુકીગ કરાવેલ તેવા સ્ટોલ્સ મારફતે ફકત તે જ ચીજ-વસ્તુઓનું વેચાણ કરી શકાશે. દા.ત.નર્સરી માટે લેવામાં આવેલ સ્ટોલ્સનો ઉપયોગ ફકત ફુલ-છોડનાં રોપાનાં વેચાણ માટે જ કરી શકાશે.

૨૨. ફુડ સ્ટોલ્સમાં ભાગ લેવા માટે હાલમાં FSSAI નું લાયસન્સ ધરાવતી એજન્સી જ હરાજીમાં ભાગ લઇ શકશે તેમજ FSSAI નું લાયસન્સની નકલ ફોર્મ સાથે બિડવાની રહેશે.

૨૩. નર્સરી, અન્ય સ્ટોલ્સ તથા ફુડ સ્ટોલ્સ બુકીંગ માટે ભરેલ ભાડું નૉન-રીફંડેબલ તેમજ નૉન-ટ્રાન્સફરેબલ રહેશે. જે વ્યકિત/ સંસ્થાનાં નામે સ્ટોલ બુકિંગ થયેલ હશે તે સંસ્થા પોતે જ સ્ટોલ્સનો ઉપયોગ બુકિંગ કરેલ હેતુ માટે કરી શકશે. અન્ય કોઇ સંસ્થાને સ્ટોલ્સનો કોઇ પણ ભાગ ઉપયોગ માટે આપી શકશે નહી.

૨૪. દરેક સંસ્થા પોતાને ફાળવેલ સ્ટોલ્સ સિવાયની જગ્યામાં પોતાનો માલ-સામાન મુકી શકશે નહી તથા પોતાની સંસ્થા/ કંપનીની જાહેરાત પ્રદર્શીત કરી શકશે નહી.

૨૫. દરેક સ્ટોલ્સમાં થ્રી ફેઝ લાઇટનો એક પોઇન્ટ, એક ટેબલ તથા બે ખુરશીની સવલત આપવામાં આવશે.

૨૬. સ્ટોલ્સમાં જો વધારાનાં લાઇટનાં પોઇન્ટની સુવિધાની જરૂરીયાત હશે તો પ્રતિ પોઇન્ટ રૂા.૫૦૦/- લઇ આપવામાં આવશે.

૨૭. ફુડ કોર્ટમાં નૉનવેજ, ઇંડાની બનાવટો કે પાન-મસાલા-ગુટખા અને તમાકુની બનાવટોનું વેચાણ થઇ શકશે નહી.

૨૮. ટેમ્પરરી ઉભા કરેલ ફુડ કોર્ટમાં ગેસ સ્ટવ કે ચુલાનો ઉપયોગ કરી શકાશે નહી, ઓવનનો ઉપયોગ કરી શકાશે.

૨૯. સ્ટોલ્સ ધારક સામાનની હેર-ફેર માટે જરૂરી વાહનો સવારે ૯.૦૦ વાગ્યા પહેલા અને રાત્રે ૧૦.૦૦ વાગ્યા બાદ જ ફલાવર શૉ પ્રદર્શન સ્થળે પ્રવેશ કરાવી શકશે.

૩૦. નર્સરી, ફુડ સ્ટોલ્સ તથા અન્ય સ્ટોલ્સ ધારકોએ જરૂરી તથા લાગુ પડતી બધીજ NOCs/ પરમીશન્સ/અપ્રુવલ્સ સ્વખર્ચે લેવાની રહેશે. કોઇપણ અકસ્માત/અણ બનાવ ની પરીસ્થિતીમાં જે તે નર્સરી, ફુડ સ્ટોલ્સ તથા અન્ય સ્ટોલ્સ ધારકોની સંપુર્ણ જવાબદારી રહેશે અને અ.મ્યુ.કો./સા.રી.ફ્રં.ડે.કો.લી. ની કોઇપણ જવબદારી રહેશે નહી.

૩૧. નર્સરી સ્ટોલ્સ ધારકને ૬ નંગ પાસ, અન્ય સ્ટોલ્સ ધારકને ૪ નંગ પાસ અને ફુડ કોર્ટનાં સ્ટોલ્સ ધારકને ૪ નંગ પાસ ઇસ્યુ કરવામાં આવશે. જે માટે સ્ટોલ્સ ધારકે પોતાના લેટરહેડ પર જે વ્યક્તિને પાસ ઇસ્યુ કરવાનો હોય તેનું નામ, નંબર તથા પાસપોર્ટ સઇઝનાં ફોટોગ્રાફસ અરજી સાથે મોકલી આપવાનાં રહેશે.

૩૨. ફલાવર શૉ કાર્યક્રમ દરમ્યાન જે તે સમયની સરકારશ્રી દ્વારા અમલમાં મુકાયેલ SOP ની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩૩. મ્યુનિ. કમિશનરશ્રી કોઇપણ જાતનાં કારણો આપ્યા વગર સંપુર્ણપણે કે અંશતઃ સ્વીકાર/અસ્વીકાર કરી શકશે.

૩૪. આ બાબતે કોઇપણ વાદ-વિવાદ ઉભો થશે તો મે. મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

મેં / અમે ઉપરોક્ત જણાવેલ તમામ નિયમો વાંચ્યા છીએ, સમજ્યા છીએ અને મને / અમોને કબુલ-મંજુર અને બંધનકર્તા રહેશે. આ બાબતે હું કોઇપણ વાદ-વિવાદ કે અપીલ કરીશ નહી.

તારીખ : ................................

સ્થળ : અરજદારની સહી

સંસ્થાનું નામ તથા સિકકો